ગાંધીનગર સમાચાર

## કલ્ચરલ ફોરમની નવલી નવરાત્રિના વિજેતા

**છઠ્ઠું નોરતુ**

| કેટેગરી | બોય | ગર્લ |
|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ વિનર | ધનજંય સોલંકી | હેની પટેલ |
| (૭ વર્ષ સુધીના) રનર્સઅપ | હેત પટેલ | સ્નેહા ઠક્કર |
| બેસ્ટકીડ - વિનર | વંશ દોશી | પ્રાચી કાપડીયા |
| (૭ થી ૧૨ વર્ષ) રનર્સ અપ | સ્મિત પટેલ | પ્રથા ભાવસાર |
| બેસ્ટ ટીનેજર-વિનર | વૈભવ વ્યાસ | ચાહના દવે |
| (૧૩ થી ૧૭ વર્ષ) રનર્સ અપ | અભિમન્યુ રાઠોડ | ક્રિશ્ના ચાવડા |
| બેસ્ટ ડ્રેસ - વિનર | હર્ષ સોલંકી | શ્રેયા બારોટ |
| રનર્સ અપ | કરણ પટેલ | દિવ્યા પંડ્યા |
| બેસ્ટ કિંગ/ક્વીન-વિનર | સંદીપ શાહ | જિજ્ઞાશા રાવલ |
| (૪૦ વર્ષથી ઉપરના) રનર્સ અપ | મહેશ રાજપરા | અમિતા રાજપરા |
| બેસ્ટ પેર - વિનર | ઉત્સવ પરમાર | પ્રકાશસિંહ પરમાર |
| રનર્સ અપ | અનિલ પંડ્યા | અનુપા પંડ્યા |
| બેસ્ટ પરફોર્મન્સ-વિનર | આકાશ પટેલ | રાજવી શાહ |
| (પ્રિન્સ/પ્રિન્સેસ) રનર્સ અપ | જીનલ જૈન | ભૂમા દવે |

# પ્રાંતિયા પાસે વાહન ચોરવા આવેલો રીઢો ચોર ઝડપાયો

## રાત્રે બે વાગે પાંચ ડુપ્લીકેટ ચાવી સાથે પીકઅપ ડાલુ ઉઠાવવા ગયો ને પકડાઈ ગયો : હિસ્ટ્રીશીટર અજ્જુ અંસારી અગાઉ ૬૮ ચોરી, ઘરફોડ, ચેઈન સ્નેચીંગ, વાહનચોરી જેવા ગુનાઓમાં પકડાયેલો છે : છ વાર પાસા થઈ ચુકી છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક પ્રાંતિયા ગામમાં વાહન ચોરી કરવા આવેલા શખ્સને ડભોડા પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો હતો. આ શખ્સનો ગુનાહીત ઈતિયાસ તપાસ્યો ત્યારે પોલીસ પણ દંગ રહી ગઈ હતી. અમદાવાદ વિસ્તારમાં આ શખ્સો વાહનચોરી, ઘરફોડ, ચેઈનસ્નેચીંગ અને ચોરી જેવા ૬૮ ગુનાઓમાં અગાઉ પકડાઈ ચુકેલો છે. ૨૭ વર્ષની ઉંમરે પહેલીવાર પાસામાં ધકેલાયા બાદ અત્યાર સુધીમાં ૬ વાર આ શખ્સ પાસામાં ધકેલાઈ ચુક્યો હોવાનું ધ્યાને આવ્યુ છે. ડભોડા પોલીસે તેની ધરપકડ કરીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ પ્રાંતિયા ગામની સીમમાંથી એક પીકઅપ ડાલુ ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કરી એક શખ્સ હાલ ચોરી કરી ભાગી રહ્યો હતો ત્યારે અચાનક મનોજભાઈ શકરાભાઈ પટેલનું ધ્યાન જતા પોલીસને બોલાવી લીધી હતી. ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકી તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને મનોજભાઈની મદદથી ડાલુ ચોરીને ભાગતા શખ્સને રંગેહાથ ઝડપી લીધો હતો તેની પાસેથી પાંચ ડુપ્લીકેટ ચાવીઓ પણ મળી આવી હતી. આ શખ્સની સઘન પુછપરછ કરતાં બાપુનગર ગરીબનગરનો એજાજ ઉર્ફે અજ્જુ અબ્દુલ જબ્બર અંસારી નામનો રીઢા ચોર હોવાનું બહાર આવ્યું છે. આ અજ્જુ અંસારી અગાઉ અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ૬૮ ગુનાઓમાં પકડાયેલો છે. ૨૭ વર્ષની ઉંમરે તેને પ્રથમવાર પાસામાં ધકેલવામાં આવ્યો હતો ત્યાર બાદ અત્યાર સુધીમાં છ વાર પાસા કરવામાં આવી છે. પકડાયેલો અજ્જુ એટલો રીઢો હતો કે પોલીસ સમક્ષ પણ કેટલાય ગલ્લા-તલ્લા કરીને પોતે નિર્દોષ હોવાનો ડોળ કરતો હતો. રીઢા આરોપી અજ્જુ અંસારીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરૂ કરી છે.

# દર્દીના ચહેરા પર સ્મિત રેલાવતા ગાંધીનગરના યુવા ક્લાઉન્સ

## ગાંધીનગરના કોમ્પોઝીનેટ ક્લાઉન્સ ગૃપના યુવાનો દર શનિવારે સિવિલ હોસ્પિટલ, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ વગેરેમાં જઈ દર્દીઓને હસાવવાનું કાર્ય કરે છે

ગાંધીનગર, તા. ૧૯

કિસીકી મુસ્કુરાહશે યે હો નિસાર... કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર... જીના ઉસી કા નામ હૈ... રાજકપૂરની ફિલ્મમાં મુકેશજીના કંઠે ગવાયેલ આ સદાબહાર ગીતને ગાંધીનગરના કેટલાક યુવાનો સાર્થક કરી રહ્યાં છે. કોમ્પોઝીનેટ ક્લાઉન્સ નામના યુવાનોના આ ગૃપ દ્વારા દર શનિવારે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં જઈને દર્દમાં કણસતા દર્દીઓને હસાવવાનો પ્રયત્ન કરાય છે. ગત શનિવારે આ યુવાનોએ સિવિલ હોસ્પિટલના ચાઈલ્ડ વોર્ડના ૬૦ જેટલા બાળકોને જોકર બની હસાવ્યા હતા.



આ યુવાનો માત્ર સિવિલ હોસ્પિટલ જ નહી પરંતુ અન્ય હોસ્પિટલો અને વૃદ્ધાશ્રમનો તથા અનાથાશ્રમોમાં પણ જઈને સ્મિત રેલાવવાનું કાર્ય કરે છે. એવું કહેવાય છે કે માણસે પોતે ખુશ થવુ સહેલુ કામ છે પરંતુ બીજાના ચહેરા પર ખુશીનું સ્મિત ઝળકાવવુ દુનિયાનું સૌથી અઘરૂ અને સૌથી પવિત્ર કાર્ય છે. કોમ્પોઝીનેટ ક્લાઉન્સ ગૃપના યુવાનો જ્યાં સારવાર માટે દાખલ દર્દીના ખબરઅંતર પૂછવા જવા તૈયાર નથી હોતા તેવા વોર્ડમાં પણ જઈને વિવિધ પ્રવૃત્તિ દ્વારા તેમને હસાવી તેમનું દુઃખ ભુલાવે છે. હતાશામાં ડુબેલ દર્દીને પ્રોત્સાહિત કરી રોગ સામે લડવા પ્રેરિત કરે છે. આ ગૃપની ક્લાઉનીંગ પ્રવૃત્તિથી દુઃખિયારાનું દર્દ તો ઓછુ થાય જ છે પંરતુ યુવાનોને આ કાર્યમાં કંઈક સારૂ કાર્ય કર્યાનો અનહદ સંતોષ પણ મળે છે. અને એટલા માટે જ તેઓ અન્ય યુવાનોની જેમ રજાના દિવસે ફિલ્મ જોવા જવુ કે મિત્રો સાથે હરવા ફરવા જવુ તેના કરતા 'કાલઉનીંગ' કરવું વધુ પસંદ કરે છે.

આ પ્રકારની ક્લાઉનીંગ એક્ટિવીટી ભારતના અનેક મોટા શહેરોમાં ઘણા યુવાનો કરી રહ્યાં છે. પરંતુ ગાંધીનગરમાં પણ દર શનિવારે બે કલાક ફાળવી યુવાનોના આ ગૃપ દ્વારા જીંદગીના મુશ્કેલીના સમયમાં અટવાયેલાઓને હાસ્યની દવા આપી તરોતાજા કરી રહ્યા છે.

## ડભોડા ખાતે બે ટ્યુબવેલ નવા બનતા ગ્રામજનોની પાણીની સમસ્યા હળવી બનશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામ સત્તર હજારથી વધુ વસ્તી ધરાવતુ ગામ છે. ગ્રામજનોને પાણી પહોંચાડવા માટે સાત ટ્યુબવેલ કાર્યરત છે. ત્યારે ગામમાં સધીમાતાના વાસ તેમજ હાઈસ્કૂલ નજીક આવેલા ઈન્દિરાનગર વિસ્તારમાં આવેલા ગ્રામજનોની પાણીની અછતને પહોંચી વળવા માટે નવા બે ટ્યુબવેલ બનાવવામાં આવ્યા છે. ડભોડાના સરપંચ અરવિંદસિંહ સોલંકી તથા ગ્રામપંચાયતના સદસ્યોના સંયુક્ત પ્રયાસોથી કુલ ખર્ચના દસ ટકા લોક ફાળો ઉઘરાવીને નવીન બોર બનાવતા આ વિસ્તારમાં રહેતા ૭ હજારથી વધુ ગ્રામજનોને નવીન બોરના પાણી પ્રાપ્ત થશે. જેમાં સધીમાતાનો વાસ, ઈન્દીનગર, રેલવે સ્ટેશન, બારવાદેવ, માળીકુવા વિસ્તારનો સમાવેશ થાય છે.

## જાણીતા સહકારી આગેવાન ડૉ. ચંદ્રપાલસિંગ યાદવનું ગાંધીનગર નાગરિક બેંક દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત




ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક ખાતે આજે રાજ્ય સભાના સાંસદ અને એન.સી.યુ.આઈ. ન્યુ દિલ્હીના પ્રેસિડન્ટ ડૉ. ચંદ્રપાલસિંગ યાદવ અને કૃભકોના ડિરેક્ટર પરેશ પટેલ ઉપસ્થિત રહી નવા વરાયેલ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ.ના ચેરમેન ડૉ. હિમાંશુ વી. પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્રભાઈ એમ. શાહ, મેનેજિંગ ડીરેક્ટર મનુભાઈ બી. પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અને ડીરેક્ટર અશોકભાઈ આર. પટેલ, લાલસિંહ કે. વાઘેલા, વિક્રમભાઈ કે. પટેલ, ચંદ્રકાન્તભાઈ સી. પટેલ, વિષ્ણુભાઈ આઈ. પટેલે રાજ્યસભાના સાંસદ શ્રી ડૉ. ચંદ્રપાલસિંગ યાદવાનું ઉષ્માભર્યુ સ્વાગત અને ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્કની વર્તમાન પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા.

શ્રી ચંદ્રપાલસિંગ યાદવે નાગરિક કૉ. ઓ. બેંક. અંગે ખૂબ સારો પ્રતિભાવ આપ્યો હતો અને નાગરિક કો.ઓ. બેંકને રાષ્ટ્રીય લેવલની પરિસ્થિતિ અંગે વાકેફ કર્યા હતા અને નાગરિક બેંક ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.



આજ મને ઘેલો કીધો - નોરતાનો રંગ જામ્યો છે... ખેલૈયાઓ ગરબામાં મન મુકીને જોડાયા હતા. જોમ અને જુસ્સા સાથે ખેલૈયાઓનો ઉત્સાહ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે... પગમાં થનગનાટ જોવા મળી રહ્યો છે...

(તસવીર : દિપક જાની)